# વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા યોગ અંગે માર્ગદર્શનનો કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૨


વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં સૌથી અગત્યના અને આવશ્યક એવા યોગ અને પ્રાણાયામ અંગેનો કાર્યક્રમ બાળકો માટે યોજવામાં આવ્યો હતો. શૈલી કે જેઓ એક પ્રખ્યાત પ્રોફેશનલ યોગ ચિકિત્સક, કોરિયોગ્રાફર અને યુટ્યુબર છે, તેમણે સરળ અને સુંદર રીતે યોગાસન અને પ્રાણાયામ વિશે માહિતી આપી યોગાસન કરાવ્યા હતા.

યોગનું સૂત્ર સરળ છે: 'સ્વસ્થ શરીરની અંદર સ્વસ્થ મન'. યોગાસનની કળા વ્યક્તિના મન, શરીર અને આત્માને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. યોગ શરીરને શારીરિક અને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરવામાં સહાયરૂપ છે; તેમજ માનસિક તાણ અને અસ્વસ્થતાને સંચાલિત કરવામાં મદદ કરે છે અને આરામ આપે છે. આ કાર્યક્રમ બધા માટે રસપ્રદ અને ફાયદાકારક હતો.

ગાંધીનગરની કેએસવી સંલગ્ન

# એમ એમ પટેલ કોલેજમાં વિદ્યાર્થીઓનું લોકડાઉન દરમ્યાન પણ પ્લેસમેન્ટ થયું

## વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટમાં ૨.૧૦ લાખ સુધીના પેકેજ પ્રાપ્ત કર્યા




ગાંધીનગર તા. ૨

કોવિડ-૧૯ મહામારી દરમિયાન દેશભર સહિત ગુજરાતમાં પણ લોકડાઉનની સ્થિતી સર્જાઈ છે ત્યારે આ અંતર્ગત કેએસવી સંલગ્ન કોલેજોના વિવિધ વિભાગના આચાર્ય તેમજ પ્રાધ્યાપકો દ્વારા સતત વિદ્યાર્થીઓ સાથે સંપર્ક રહીને તેમના પ્રશ્નો હલ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સર્વ વિદ્યાલય સંચાલિત એમ.એમ.પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સીસ એન્ડ રીસર્ચ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે અભ્યાસ સહિત પ્લેસમેન્ટ માટે વ્યાખ્યાન અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. લોકડાઉનની વિકટ પરિસ્થિતીમાં પણ ઓનલાઈન ઈન્ટરવ્યુનું આયોજન કરીને માસ્ટર ઓફ સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓએ રૂ.૨.૧૦ લાખ સુધીના પેકેજ પ્રાપ્ત કર્યા હતા.

કેએસવી સંલગ્ન શ્રી એમ.એમ.પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સીસ એન્ડ રીસર્ચ વિભાગ દ્વારા પિરામલ ડિસ્કવરી રસોલ્યુશન અને મેકક્યોર ફાર્મ દ્વારા ટેલિફોનિક - ઓનલાઈન માધ્યમના ઉપયોગથી ઓર્ગેનિક તેમજ એનાલીસ્ટીકલ, ફીઝીકલ કેમેસ્ટ્રી એમ.એસ.સી. સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતાં. પસંદગી પામનાર ૨૨ વિદ્યાર્થીઓને રૂ.૨.૧૦ લાખના પેકેજ પ્રાપ્ત થયાં હતાં. કોલેજના આચાર્ય ડૉ. કેયુર શાહના સૂચન અને પ્લસમેન્ટ ઓફિસર ડૉ. તરુણ પટેલ સતત પ્રયાસોના ભાગરૂપે ઓનલાઈન ઈન્ટરવ્યુમાં પસંદગી પામનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત તમામ વિભાગોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ઈન્ટરનેટ, વોટ્સએપ, વિવિધ એપના ઉપયોગ જોડાઈને અભ્યાસ તથા માર્ગદર્શન આપવાની પહેલ કરવામાં આવી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી, ગાંધીનગર દ્વારા 'વાંચન યજ્ઞ' વિષય પર વેબિનાર યોજાયો

Children's University
सत्यम् ऋतम् बृहत्

ગાંધીનગર તા. ૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી, ગાંધીનગર દ્વારા "વાંચન યજ્ઞ" વિષય પર વેબિનાર યોજાયો, જેમાં મુખ્ય વક્તા તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીના કુલપતિ અને વાંચે ગુજરાત અભિયાનના પ્રમુખ હર્ષદભાઈ પ્ર. શાહ તથા નવસારીના આર્કિટેક અને વાંચે ગુજરાત અભિયાનના માનદ મંત્રી મહાદેવભાઈ દેસાઈએ વાંચનનો મહિમા ખુબ સુંદર શબ્દોમાં લોકો સમક્ષ મુક્યો હતો.

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને વાંચતા કરવા માટે "વાંચે ગુજરાત" અભિયાન આરંભ્યું હતું અને તેને ખુબ સારો પ્રતિભાવ મળ્યો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીનો "વાંચન યજ્ઞ" વિષય પરનો વેબિનાર આ ઉમદા અભિયાનની પ્રતિકૃતિ સમાન રહ્યો. તત્કાલીન "વાંચે ગુજરાત અભિયાન"ના મુખ્ય સહયોગી એવા હર્ષદભાઈ શાહ અને મહાદેવભાઈ દેસાઈએ તેમના એ અભિયાનના સુખદ સંસ્મરણોની યાદ તાજી કરી હતી અને વેબિનારના સહભાગીઓ સાથે તે શેર કરી વાંચન માટે પ્રેરણા પૂરી પાડી હતી. વાંચનના લાભ, પરિણામ અને મહિમા ગાનથી આ બંને વકતાઓએ લોકોને લાભાન્વિત કર્યા.

ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ વાંચનનો મહિમા ઉદાહરણ આપી સમજાવ્યો હતો. ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીના "વાંચન યજ્ઞ"માં ૧૦ હજારથી વધુ લોકો જોડાયા હતા.

ગોઝારિયા આર્ટસ કોલેજ-ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે

# 'આત્મ નિર્ભર યુવા - આત્મ નિર્ભર ભારત' વિષય પર વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨

મહેસાણાના ગોઝારીયા સ્થીત નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ ગોઝારિયા અને ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે 'આત્મ નિર્ભર યુવા-આત્મ નિર્ભર ભારત વિષય પર એક વેબીનારનુ આયોજન કરવામા આવેલ હતુ.જેમા આશાબેન દવેએ વ્યકતિની અંદર રહેલ કૌશલ્યને વ્યવસાય સ્વરુપે પરિવર્તિત કરવા માટે આહવાન કરતા જણાવ્યુ હતુ કે, જે વસ્તુ આવડે છે, જેનાથી કમાણી કરી શકાય છે,તે કૌશલ્ય પાછળ ખંત પુર્વક કાર્યરત રહેવાથી સફળતા પ્રાપ્ત થાય છે.જયારે,આઈ.ટી.આઈના સુપ્રિટેન્ડન્ટ સંજયભાઈ કે.પટેલે આઈ ટી.આઈના અનેકવિધ કોર્સ દ્વારા જીવનને ઉત્તમ બનાવવા સમજ સાથે પ્રેરણા આપી હતી.આ તકે આચાર્યા ડો. ગાયત્રીબેન સી બારોટે ઉત્તમ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.જયારે, આ સમગ્ર કાર્યક્રમનુ સુચારૂ સંચાલન ડો. તરૂણભાઈ રાવલે એ કરેલ હતુ અને ગણપત યુનિવર્સિટીના અધ્યાપક સંજયભાઈ વનાણી સમગ્ર વેબિનારની વ્યવસ્થા કરી મદદરૂપ થયા હતા.









રાજકોટના યુવાનો આકાશ દાવડા, મૌલેશ ઉકાણી, હિતેષ ડાંગર, જીગ્નેશ સંચાણીયા દ્વારા સેનીટાઈઝ મશીનો તૈયાર કરવામાં આવેલા છે, જે સેનીટાઈઝર લીક્વીડ સાથે ગુજરાતના તમામ મોટા ધાર્મિક સ્થાનોમા અર્પણ કરવાનો સંકલ્પ કર્યો છે, જેનો પ્રારંભ આજે પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના મંદિર ખાતે ૧૦ મશીન સેવામાં આપી કરેલો હતો. ટ્રસ્ટના વિ.આઈ.પી ગેસ્ટ હાઉસ ખાતે આકાશ દાવડાએ ટ્રસ્ટના જનરલ મેનેજરને મશીનો આપેલ હતા, આ પ્રસંગે વિશેષ સેવા બદલ તેઓનું સન્માન કરવામાં આવેલ હતું.

## લંડનની સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા લુણાવાડાના ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકને સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ એનાયત



વૈશ્વિક મહામારી કોરોના એ જયારે સમગ્ર વિશ્વમાં આતંક મચાવ્યો છે ત્યારે આ સમયમાં કેટલાક નેતાઓ અને સમાજસેવકો દેવદૂત બનીને જનતાની સેવા કરવામાં ક્યારેય પાછી પાની કરતા નથી. આવાજ જનતાના સેવક અને લુણાવાડાના યશસ્વી ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક ને વૈશ્વિક મહામારી કોરોનામાં કરેલ અભૂતપૂર્વ કામગીરી બદલ લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ એનાયત કરીને તેમની કામગીરીને ધન્યવાદ આપ્યા હતા.ઉલ્લેખનીય છે કે સંસ્થા એ સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ સમગ્ર દેશમાં જેને અમૂલ્ય કામગીરી કરેલ હોય તેવા સન્માનિત વિભૂતિઓને આપીને સંસ્થા તેમનું અભિવાદન કરે છે. સંસ્થા એ સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ ભારતમાં અમિતાભ બચ્ચન, રતન ટાટા, આદિ ગોદરેજ, નીતિન ગડકરીજી, અક્ષય કુમાર સહીત દેશના નામી હસ્તીઓને આ સિર્ટીફીકેટ થી સન્માનિત કરેલ છે ત્યારે લુણાવાડાના ધારાસભ્ય જીગ્નેશ સેવકને પણ આ વિભૂતિઓ સાથે સન્માનિત થયા છે ત્યારે આ અધભૂત ક્ષણ ળલુણાવાળાની જાણતા માટે આનંદ માટેની ક્ષણ છે. સ્ટાર ૨૦૨૦ સર્ટિફિકેટ બદલ લંડનના સાંસદ વીરેન્દ્ર શર્મા, સંસ્થાના ભારતના અધ્યક્ષ સંતોષ શુક્લ અને ડિરેકટર અને ગુજરાતના અધ્યક્ષઅશ્વિનભાઈ ત્રિવેદી એ જીગ્નેશભાઈ સેવકને અભિનંદન પાઠવ્યા હતા.

# આજે વર્લ્ડ બાઈસિકલ ડે

## ૧૯૮૮-૮૯માં અરૂણાચલથી ઓખા સુધી ૯૦૦૦ કિ.મી. 'ભારત જોડો' સાયકલ-યાત્રામાં ગુજરાતમાંથી આઠ યુવક-યુવતીઓએ રાષ્ટ્ર-ભાવનાથી પ્રેરાઈને ભાગ લીધો હતો

**યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા જૂન ૦૩ને 'વર્લ્ડ બાઈસિકલ ડે' તરીકે જાહેર કરાયો છે.**

**આ અવસરે -- આજથી ૩૦ વર્ષ પૂર્વે -- ૧૯૮૮-૮૯માં અરૂણાચલથી ઓખા સુધી ૯૦૦૦ કિ.મી. 'ભારત જોડો' સાયકલ-યાત્રાનું યાદગાર સંભારણું અત્રે પ્રસ્તુત છે.**

પાંચ મહિનામાં ૧૫ રાજ્યોમાંથી પસાર થયેલી આ સાયકલ-યાત્રામાં દેશનાં ૮૭ યુવા ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગુજરાતમાંથી આઠ યુવક-યુવતીઓ પણ રાષ્ટ્ર-ભાવનાથી પ્રેરાઈને જોડાયાં હતાં : રાજેશ ભાતેલીયા (રાજકોટ), વિજય ભારતીય (અમદાવાદ), વંદના ગોરસીયા (જૂનાગઢ, હાલ જામ ખંભાળીયા), નયના પાઠક (જામ ખંભાળીયા, હાલ રાજકોટ), પરીષા પંડ્યા (જામનગર), દેવેન્દ્ર ખાચર (સણોસરા-ચોટીલા), મુસ્તુફા કોટવાલ (રાજકોટ), સ્વ. મહેરાઝ મીરઝા (જેતલસર જંકશન).

'ભારત જોડો' યાત્રા દરમિયાન સાયકલ-યાત્રીઓ વહેલી સવારે ૪ વાગે જાગે. નિત્ય-કર્મ પતાવીને પોતપોતાની સાયકલ લઈને સવારે ૬ વાગે તો નીકળી પડે. સૂર્યાસ્ત સુધી આશરે ૮૦-૧૦૦ કિ.મી.નો પંથ કાપે. પહાડી અને દુર્ગમ વિસ્તારમાં તો માંડ ૨૫-૩૦ કિ.મી. જ કાપી શકાય. પહાડ, જંગલ, નદી તેમનાં સંગી. હિંદી, અંગ્રેજી તથા સ્થાનિક ભાષામાં લખેલાં પ્રેરક સંદેશનાં પ્લે-કાર્ડ સાયકલ પર આગળ રાખે. રસ્તાની બન્ને બાજુ સ્વાગતમાં ઊભેલાં ગ્રામજનોનું અભિવાદન ઝીલતાં જાય. સ્થાનિક લોકો સાથે હળે-મળે, તેમની સાથે ગોષ્ઠી કરે તથા તેમની સંસ્કૃતિ, રીત-રીવાજો, કલા, સાહિત્ય, અને જીવન-શૈલી વિશે જાણે. ગ્રામજનો ભાવથી ભોજન કરાવે. તરસ લાગે ત્યારે વચ્ચે આવતાં નદી-ઝરણાંનું પાણી પણ પી લે. રાત્રે ગામમાં પડાવ થાય ત્યારે પણ મેળાવડો જામે. આમ ભરતભરનાં ભિન્ન-ભિન્ન પ્રદેશોનું વિરાટ દર્શનનો લ્હાવો આ સાયકલ-યાત્રીઓને મળ્યો. લ્લઅનેકતામાં એકતા'નું સૂત્ર જાણે સાર્થક થયું હતું. ડો. એસ. એન. સુબ્બારાવજી, સ્વ. બાબા આમટેજી, સ્વ. યદુનાથજી થટ્ટે જેવા અગ્રણી સમાજ-સેવકોની પ્રેરણા અને માર્ગદર્શન આ સાયકલ-યાત્રીઓને ત્યારે પ્રાપ્ત થયું હતું.



નવી પેઢીને દેશપ્રેમ, એકતા અને અંખડતા, ભાઈચારો, સમાનતા, સ્વચ્છતા, વ્યસનમુક્તિની પ્રેરણા મળે તે આશયથી, ૨૦૧૮માં, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ ચોટીલા ખાતે પિનાકી મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન અને ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટ દ્વારા 'ભારત ગૌરવ' સાયકલ-યાત્રાનું આયોજન કરાયું હતું. પરિભ્રમણ માટે ઝવેરચંદ મેઘાણી સાયકલનો ઉપયોગ પણ કરતા જે ખાસ ઉલ્લેખનીય છે. મેઘાણી-ગીતોના વિશ્વવિખ્યાત લોકગાયક અભેસિંહ રાઠોડ, 'ભારત જોડો' સાયકલ-યાત્રાનાં સાયકલ-વીરો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ભાવિકોની ઉપસ્થિતિ રહી હતી.

---

ડાયરેક્ટ ❤ સે

જીવન દુઃખ નથી આપતું...
જીવનમાં લીધેલા નિર્ણયો દુઃખ આપે છે...

## જન્મદિને વધામણી



છત્રસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ



નયનાબેન પી. પ્રજાપતિ



સાધનાબેન પરમાર
લાયોનેસ કલબ



અમિત ગોંડ
વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર



પટેલ કૈલાસબેન એ
રેડક્રોસ,માણસા



નવીનભાઈ વસોયા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

**ઘરમાં રહો સુરક્ષિત રહો**